એપ્રિલની શરૂઆતમાં ગરમી સાથે પવન ફુંકાશે

ગાંધીનગર, તા. ૩૦

માર્ચ માસના અંતિમ દિવસોમાં ગરમીનું જોર વધી રહ્યુ છે ત્યારે આગામી દિવસો અંગે ગ્રહો તેમજ ભૌગોલિક બાબતોથી જોતા હજુ એકાદ બે દિવસ ગરમી રહેશે અને ગરમી સાથે એપ્રિલની શરૂઆતમાં પવન પણ ફુંકાશે એમ જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલે જણાવ્યું હતું.

બીજી એપ્રિલથી પવન અને ગરમી રહે વાદળો પણ જણાશે. ત્યારે તા. ૨૬ એપ્રિલથી રાજ્યના ભાગોમાં સખ્ત ગરમી પડે અને મહત્તમ ઉષ્ણતામાન ૪૪ ડિ.સે.ને પણ પાર કરી જાય તેમ છે. ડીસા, ઈડર વિગેરે ભાગોમાં મહત્તમ ઉષ્ણાતામાનનો આંક ઉંચો રહેશે. મધ્ય ગુજરાતમાં પણ ગરમી વધારે પડશે. પરિણામે અમદાવાદમાં ગરમી વધુ પડશે. મહત્તમ ઉષ્ણાંતામાનનો આંક ઊંચો રહેશે. ઉત્તર ગુજરાતના ભાગોમાં ધૂળ ભરી આંધી પણ ઉડશે જ્યારે કચ્છના ભાગોમાં પણ તેજ પવન ફુંકાશે.

ભૌગોલિક બાબતો તથા ગ્રહો તેમજ અન્ય આધારે જોતા તા. ૫મી એપ્રિલે હવામાનમાં પલટો આવે અને વાતાવરણ વાદળવાયુ રહેશે. તા. ૧૫ એપ્રિલ સુધીમાં ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ઠંડકના વરસાદની વકી રહેશે. દેશના અન્ય ભાગોમાં પણ કમોસમી વરસાદની શક્યતા જોવા મળશે. ગુજરાતના સૌરાષ્ટ્રના ભાગોમાં હવામાન પલટાય, દરિયા કિનારે પવનનુ જોર રહેશે અને કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની ભીતિ છે. હાલનુ હવામાન જોતા ગરમી ચોમાસુ વરસાદને પોષક રહે તેમ જણાય છે. પવનનું ચક્ર સાનુકૂળ રહે અને નિર્મળ ગરમી પડે તો ચોમાસુ સાનુકૂળ આવવાના સંજોગો ઘડાશે. માત્ર મહત્તમ ઉષ્ણાંતામાન આંક ઉંચો જાય તો સારો વરસાદ ન આવે તેમ કહી શકાય પરંતુ આફ્રિકાથી હિંદ સુધીના હવામાનનો ગેરો પ્રભાવ ભારતના હવામાન પર પડતો હોય છે વળી ગંગા જમનાના મેદાનો પણ તપવા જોઈએ. આથી જો ભેજવાળા ફરક્કા લઈને વાદળો આવે અને અષાઢમાં હિમચાદર બને તો સાનુકૂળ સંજોગોમાં સારો વરસાદ પડશે. દેશના દક્ષિણ પૂર્વીય તટીય પ્રદેશોમાં ૧૭ એપ્રિલ પછી ચક્રવાતા બળો ઉભા થવા, શ્રીલંકાથી ભારતના દક્ષિણ છેડા સુધી વાદળોનો જમાવડો રહેશે. તટીય પ્રદેશોમાં ભારે વરસાદના સંજોગો જોવા મળશે.

આથી દક્ષિણ ભારતનુ હવામાન એપ્રિલ માસમાં હિમાચલ પ્રદેશમાં કેટલો બરફ પડે છે તે અને સૌરાષ્ટ્રના ભાગોથી છેક બેંગલોર સુધીનુ હવામાન કેવુ રહેશે તે પરીબળો ધ્યાનમાં લેવા જોઈએ. હવાનુ દબાણ મીલીબારમાં મપાઈ છે અને આગામી દિવસોમાં રાજસ્થાન વિગેરે ભાગોમાં હવાનુ દબાણ એક હજાર મીલી બારથી પણ ઓછુ થવાની શક્યતાઓ પણ છે. આ આગાહી ઉત્પાત સંબંધિ નથી.

શહેરના સેકટરોમાં માર્ગોના નવિનીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે વાઈબ્રન્ટ સમિટ વેળાએ પણ માર્ગો તેમજ તેના બ્યુટીફીકેશન પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. પરંતુ આડા દિવસોમાં આ ખર્ચ ખાતર માથે દિવા સમાન સાબિત થાય છે. સેકટરોમાં માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જની હાલત પણ હવે ફુટપાથ જેવી થતી જાય છે. સેન્ટ્રલ વર્જમાં વચાળે જ ગાબડા જોવા મળી રહયા છે. જયારે સેન્ટ્રલ વર્જમાં રાહદારીના માર્ગદર્શક બનતા સાઈન બોર્ડની પણ દશા બેઠી છે. ઘણાં ઠેકાણે સાઈન બોર્ડ નમી ગયેલી હાલતમાં છે. સે-૩ : ૬ ની ચોકડી પાસેના માર્ગ પર આવી જ સ્થિતિ છે. ત્યારે શેહરના સેન્ટ્રલ વર્જની જાળવણીનુ કામ પણ હાથ ધરાય તેવી માંગણી ઉઠવા પામી છે.

આકરી ગરમીના આરંભે જ પાણીજન્ય રોગચાળો ડામવા કલોરીનેશન વધારાયુ

રોગચાળો માથુ ન ઉંચકે તે માટે રોજબરોજ પાણીના નમુનાની ચકાસણી

ગાંધીનગર તા ૩૦

શહેરમાં પ્રારંભથી ઉનાળો આકરો બન્યો છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો ૪૦ થી ૪૨ ડી ગ્રી વચ્ચે રહેતા નગરનુ જનજીવન ગરમીથી પ્રભાવિત થયુ છે. ત્યારે પાણીજન્ય રોગચાળો માથુ ન ઉંચકે તે માટે રહીશોના ઘર સુધી સપ્લાય થતા પાણીમાં કલોરીનેશનનુ પ્રમાણ ૦.૨ પી પી એમ કરી દેવાયુ છે. આ ઉપરાંત રોજબરોજ પાણીના નમુના લઈ જરૂરી ગુણવત્તાની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

શહેરમાં આકરી ગરમીથી જનજીવન પ્રભાવિત થયુ છે. ઉનાળો પ્રારંભથી જ આક્રમક મુડમાં હોવાથી આમ નાગરિકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો ૪૦ થી ૪૩ ડી ગ્રી વચ્ચે રહેતા નગરજનો હીટવેવથી પરેશાન છે. ગરમીની અસરથી બચવા માટે નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. જયારે રજાના દિવસોમાં

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૫૦૦ મકાન બનાવાતા ૧૦૦ ટકા સિદ્ધિ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. બે વર્ષ દરમ્યાન મળેલા ૧૫૦૦ આવાસનું નિર્માણ કાર્ય સંપન્ન થયુ છે.

૫૦ જેટલા મકાનોમાં નાનુ મોટુ કામ ગઈકાલે બાકી હતુ પરંતુ તંત્ર દ્વારા બે દિવસ સતત મોનીટરીંગ કરી અને તે પૂર્ણ કરવામાં આવ્યા છે. ૨૫ ચો.મી.ના વિસ્તારમાં શૌચાલયની સુવિધા સાથેના આ આવાસો તૈયાર કરવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ માટે તંત્ર દ્વારા કુલ રૂ. ૧.૫૦ લાખની સહાયમાં મનરેગા, શૌચાલયની સુવિધા સહાયનો સમાવેશ કરીને આપવામાં આવી છે. આમ થવાથી ગરીબ પરિવારોને ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયુ હોવાનુ પણ સૂત્રો દ્વારા સ્વીકારવામાં આવ્યુ છે.

તંત્ર દ્વારા બેંકલોનની સુવિધા કરી આપવાની ઓફર કરાઈ હતી પરંતુ આ ૧૫૦૦માંથી એક પણ લાભાર્થીએ બેંકલોન નહિ લીધી હોવાનુ સૂત્રોએ જણાવ્યુ હતુ.

હવે નવા વર્ષનો લક્ષ્યાંક આવતાં તે દિશામાં કામ કરવામાં આવશે. જિલ્લામાં બી.પી.એલ. પરિવારોનો ફરીથી સર્વે કરવાની માંગ વિધાનસભામાં થઈ હતી પરંતુ તંત્ર હજુ જૂની યાદીમાં બાકી રહેલા લાભાર્થીઓને ધ્યાને રાખીને જ નવા મલનારા લક્ષ્યાંકમાં આગળ વધશે તેમ જાણવા મળેલ છે.

દરમ્યાન જિલ્લાના જે ગામોમાં ઘરથાળના પ્લોટ મેળવવા માટેની અરજીઓ મળી છે તેમાં ૨૦૦થી વધુ અરજીઓ તાલુકા કક્ષાએ પેન્ડીંગ પડી છે જે ઉલ્લેખનીય છે. આ માટે જિલ્લા લેન્ડ કમિટી સમક્ષ દરખાસ્ત આવશે તો તે દિશામાં તંત્ર સંપૂર્ણ હકારાત્મકતા સાથે આગળ વધશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

જય કાટકેશ - શહેરમાં આજે વિસનગરા નાગર પરિવાર દ્વારા હાટકેશ જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સે-૧૭માં નર્મદેશ્વર મહાદેવના મંદિરથી યોજાયેલ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શહેરના નાગર પરિવારો જોડાયા હતા અને 'જય હાટકેશ'ના જયઘોષ થયા હતા....

ભાજપના પ્રભારી ભૂપેન્દ્ર યાદવ ગુજરાતના ત્રિદિવસીય પ્રવાસે

મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં લોકસભાની ચૂંટણીને લઈ રણનીતિ તૈયાર કરાઈ

ગાંધીનગર, તા. ૩૦

ભાજપના પ્રભારી અને સાંસદ ભૂપેન્દ્ર યાદવ આજથી ત્રણ દિવસના રાજ્યના પ્રવાસે આવ્યા છે. આજે તેમની ઉપસ્થિતિમાં રાજ્ય એકમની કોર કમિટીની બેઠક પણ મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળી હતી.

યાદવની એકાએક મુલાકાત અને પ્રવાસને લઈ પાટનગરના રાજકીય વર્તુળોમાં ઉત્તેજનાની લ્હેર જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે આજે મળેલી બેઠકમાં ભાજપના સ્થાપના દિવસની ઉજવણી, વિધાનસભાના બજેટ સત્રની કામગીરીની સમીક્ષા સાથે સાથે રાજ્યના બોર્ડ-નિગમોની ખાલી પડેલી જગ્યાઓ અને લોકસભા-૨૦૧૯ની તૈયારીઓને લઈ વિશેષ ચર્ચાઓ કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા આગામી દિવસોમાં વિકાસ પર્વની ઉજવણીનો નવતર અભિગમ અપનાવી અને વિવિધ લોકાર્પણના કાર્યક્રમો થકી જનસંપર્ક અભિયાન શરૂ કરાશે તેવો કાર્યક્રમ પણ ઘડી કાઢવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ભૂપેન્દ્ર યાદવ ત્રણ દિવસ દરમ્યાન વિવિધ આગેવાનો સાથે પણ બેઠક યોજશે. આ ઉપરાંત જ્યાં ભાજપ પાંચ હજાર કે વધુ મતોથી માઈનસ

● અનુસંધાન પાન-૭ પર

સેક્ટર-૨૫ સ્થિત ઇલેક્ટ્રોનિક્સ એસ્ટેટમાં

ઈન્ટરનેટ જોડાણમાં ક્ષતિના લીધે ઉદ્યોગકારોને લાખોનુ નુકશાન

ગાંધીનગર તા ૩૦

શહેરમાં સે-૨૫ સ્થિત ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટમાં બી એસ એન એલના ઈન્ટરનેટના જોડાણ માટે ફાઈબર ઓપ્ટીકલ કેબલનુ જોડાણ આપવામાં આવ્યુ છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ જોડાણમાં ગંભીર ક્ષતિના લીધે ઉદ્યોગકારોના આઈ પી એડ્રેસ પણ બદલાઈ ગયા છે. જેના લીધે માર્ચના અંતિમ દિવસોમાં ઉદ્યોગકારોના અગત્યના કામો અટવાઈ પડયા છે. ઉદ્યોગકારોના નાણાંકીય વ્યવહાર ખોરવાઈ જતા લાખોનુ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટમાં ભારતીય દુર સંચાર નિગમ દ્વારા સમગ્ર એસ્ટેટમાં ઈન્ટરનેટના જોડાણને અનુલક્ષી ફાઈબર ઓપ્ટીકલ ઈન્ટરનેટ જોડાણ આપવામાં આવ્યા છે. આ અંગે એસ્ટેટના સેક્રેટરીએ રજુઆતમાં જણાંવ્યા મુજબ આ ફાઈબર ઓપ્ટીકલના જોડાણમાં છેલ્લા કેટલાક સમયથી ગંભીર ક્ષતિ આવી ગઈ છે. જેના લીધે ઉદ્યોગકારોના આઈ પી એડ્રેસ પણ બદલાઈ ગયા છે. આવા સંજોગોમાં માર્ચના અંતમાં ઉદ્યોગકારોના અગત્યના કામો પણ અટવાઈ ગયા છે. જયારે આ મામલે જવાબદાર અધિકારીઓ પણ યોગ્ય જવાબ આપતા નથી. બીજીતરફ એસ્ટેટના ઉદ્યોગકારોના નાણાંકીય વ્યવહારો પણ ઠપ્પ થઈ ગયા છે. વેપાર ધંધામાં વિદેશી કંપનીઓ સાથેના વ્યવહાર પણ અટવાઈ ગયા છે. જેના લીધે ઉદ્યોગકારોને લાખોનુ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. આ સમસ્યાનો ત્વરિત નિકાલ આવે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે.

ચોમાસા પુર્વે સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગ માટે વનતંત્ર દ્વારા ઝુંબેશ

ગાંધીનગર તા ૩૦

આગામી ચોમાસા પુર્વે વનતંત્ર દ્વારા શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. હાલ નગરના નવા સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગ માટે

વરસાદી દિવસોમાં વધુ જોખમી પુરવાર થતા સુકાવૃક્ષોની પણ કટોતી કરાશે

અભિયાન હાથ ધરાયુ છે. વરસાદી દિવસોમાં જોખમી પુરવાર થતા સુકા વૃક્ષો પણ આ દરમિયાન દુર કરાશે

શહેરના સેકટરોમાં આગામી ચોમાસા પુર્વે વૃક્ષોને યોગ્ય ટ્રીમીંગ કરવા વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં માર્ગોની આસપાસ સ્થિત વૃક્ષોની ડાળીઓ નમેલી હોવાની સાથે કેટલાક જોખમી વૃક્ષો પણ જમીન દોસ્ત થતા હોવાના બનાવો ધ્યાને આવે છે. જયારે આ પ્રકારની જોખમી સ્થિતિ ક્યારેક અકસ્માતમાં થવાના લીધે રાહદારીનુ મોત નિપજયુ હોવાનો કિસ્સો પ્રકાશમાં

જાનલેવા પુરવાર થાય છે. વર્ષો અગાઉ પણ વૃક્ષ જમીન દોસ્ત આવ્યો હતો. જયારે આ સ્થિતિને

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત કોંગ્રેસ પ્રભારી તરીકે સાંસદ રાજીવ સાતવ નિમાયા

અમદાવાદ,તા. ૩૦

ગુજરાત કોંગ્રેસમાં એક પછી એક ધરખમ ફેરફારો થઈ રહ્યા છે. તાજેતરમાં કોંગ્રેસના ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે ભરતસિંહ સોલંકીના સ્થાને આંકલાવના યુવા ધારાસભ્ય અમિત ચાવડાને જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યાર બાદ કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા હવે વધુ એક મોટુ પરિવર્તન કર્યું છે. જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતના સ્થાને

ચૂંટણી વેળા સાતવે સારી કામગીરી બાદ કોંગી હાઇકમાન્ડે ગેહલોતના સ્થાને યુવા રાજીવ સાતવને પ્રભારી પદ સોંપ્યું

હવે યુવા નેતા રાજીવ સાતવની નિમણૂંક કરી છે. આ નિયુક્તિ સાથે જ રાહુલ ગાંધીએ પક્ષમાં યુવાઓને પ્રાધાન્યતા આપવાનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે.

વિધાનસભા ચૂંટણી વખતે રાજીવ સાતવે યુવા કોંગી કાર્યકરો-આગેવાનોને સાથે રાખી ખૂબ સારી કામગીરી કરી હોવાથી કોંગી હાઈકમાન્ડે અશોક ગેહલોતના સ્થાને તેમને પ્રભારીપદ સોંપ્યુ હોવાનું મનાઈ રહ્યું છે. ગુજરાત કોંગ્રેસના પ્રભારી તરીકે રાજીવ સાતવની નિમણૂંકને લઈ ફરી એકવાર ગુજરાત કોંગ્રેસમાં ભારે ચર્ચા ચાલી હતી. ૪૩ વર્ષીય સાતવ મહારાષ્ટ્રના ટોચના નેતા મનાય છે અને ગુજરાત કોંગ્રેસના સહ પ્રભારી તરીકે અસરકારક ભૂમિકા અદા કરી રહ્યા હતા. રાજીવ સાતવની નિમણૂંકની સાથે સાથે લાલજી દેસાઈને કોંગ્રેસ સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

ઝડપી બાંધકામની મંજુરી માટે સંકલિત જીડીસીઆર અમલી

ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય : રાજ્યમાં કોમ્પ્રીહેન્સીવ જીડીસીઆર-૨૦૧૭માં સરકાર દ્વારા સુધારા : હજારો અટકેલી પરવાનગીને મંજુરી મળશે

અમદાવાદ,તા. ૩૦

રાજ્યમા નાના મકાનોને વેગ મળે તે માટે રીસિડેન્શિયલ એફોરેડબલ હાઉસિંગના નિયમો લાગુ કરવાથી અનેક નાના લોકોને વસવાટ ઉલ્બધ થશે. સૌરાષ્ટ્રમાં પ્રણાલીગત રહેણીકરણી મુજબ વર્ષોથી વધુ ઉંડાઈના પ્લોટોમાં લોકો વસવાટ કરવાનું ઈચ્છતા હોય છે. જે ધ્યાને રાખતા લંબાઈ પહોળાઈનો ગુણોત્તરને રદ કરતા હવે અનેક લોકોએ જુના પ્લોટો ખરીદેલ હોય, તેવા પ્લોટોમાં વિકાસ કરી શકશે. નાના પ્લોટમા જમીન માલીકો મકાનો બનાવી શકે તે માટે ૬૦ ચો.મી સુધી ડમી અને ૧૦૦ ચો.મી સુધી હોય તો તે માટે ૪.૦ મી. ફન્ટેજ હોય તો પણ હવે મકાનો બની શકશે. ભૌગોલીક અને સામાજીક રચના મુજબ લોકોની રહેણીકરણીને ધ્યાને લઈ, પ્લોટના અગ્ર ભાગના માર્જીનમા દાદર આપવા માટેની છુટછાટ આપવામાં આવેલ છે. નાના લોકોને સસ્તા મકાનો મળી રહે તે માટે વધુ જમીન ઉપલબ્ધ થાય તે હેતુથી અમદાવાદ,

રાજ્યમાં નવા સુધારાઓ લાગુ થતાં હજારો અટકેલી પરવાનગીઓને મંજુરી મળતા અનેક લોકોને મકાનો ઉપલબ્ધ થશે

સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ, ગાંધીનગર મહાનગરપાલિકા અને સ્વતંત્ર સતામડળ સીવાયના અ, બ, ક અને ડ વર્ગની તમામ મહાનગરપાલિકાઓમાં ૨૫ ટકા કપાત ન કરતા, ફક્ત વાહન વ્યવહાર સરળતા માટે લઘુત્તમ ૧૨મી. ક્રોસ ઓવર રોડ રાખવા અંગેની જોગવાઈ કરતા વિકાસ માટે વધુ જમીન ઉપલબ્ધ થશે અને મકાનોની કિંમતો ઘટશે. ગામતળમા વર્ષોથી જે વ્યવસ્થા ચાલતી આવેલ છે તેમા માર્જીન રાખવા માટેની જોગવાઈને રદ કરી, સરળીકરણ કરવામાં આવેલ છે અને રસ્તા પર ગીચતા ઓછી થાય તે માટે સેટબેકનો નિયમ દાખલ કરેલ છે. સાથોસાથ હવા ઉજાશ જળવાઈ રહે અને જુની પ્રણાલીકા જાળવવા માટે માત્ર ૨૫ ટકા જગ્યા ખુલ્લી રાખી ૭૫ ટકા ભાગમાં બાંધકામ કરી શકાશે. લે-આઉટ, આંતરીક રસ્તાઓ અને સબ પ્લોટીગમા રસ્તાની લંબાઈના સંદર્ભે પહોળાઈ રાખવા માટેની અસ્પષ્ટતા દુર કરતા વધુ સરળીકરણ અને સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે.

બેસણું

મારા પૂ. મોટાબેન
ચંદનબેન જગન્નાથ ત્રિવેદી (દીદી)
તા.૨૮-૩-૨૦૧૮ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે.
સદ્‌ગતનું બેસણું તા.૧-૪-૨૦૧૮, રવિવારે સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ: દિનાબેન જે. ભટ્ટ, પ્લોટ નં.૩૩૬/૧, ઈશ્વરકૃપા સોસાયટી, સેક્ટર-૨૨, ઘ-૫ પાસે, ગાંધીનગર.

દિનાબેન જે. ભટ્ટ (બેન) લિ. ભાસ્કરભાઈ એસ. દવે (ભાણેજ)
હિરેન જે. ભટ્ટ (ભાણેજ) અજય જે. રાવલ (ભાણેજ)
યતીન એ. ત્રિવેદી (UK) ઋષિકેશ આર. ત્રિવેદી (UK)

જગ્યા ભાડે આપવાની છે
ઈન્ફોસીટી સુપર મોલ-૧,
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫, સબ-વેની બાજુમાં,
આશરે ૨૩૩ ચો. ફુટ
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
પ્લોટ નં. ૧૦૧/૧/૪, જીઆઈડીસી, સેક્ટર-૨૮,
ગાંધીનગર, જલારામ આઈસ ફેક્ટરીની સામે,
ગ્રાઉન્ડ ફ્લોર, (૧૨૦૦ ચો. ફુટ કારપેટ)
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com